## ડાયરેક્ટ ❤ સે

વિશ્વના
૯૮ ટકાથી વધુ
નોબેલ પારિતોષિક વિજેતા લોકો
પોતાની માતૃભાષામાં જ
ભણીને
મહાન બન્યાં છે !
તો આપણે પણ
આપણાં બાળકોને
માતૃભાષાથી
મહાન બનાવીએ.

- નટવર આહલપરા લિખિત 'મારી માતૃભાષા મારો વર્ગખંડ' પુસ્તકમાંથી સાભાર

## જન્મદિને વધામણી



**મંથન ભટ્ટ**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ

# માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ ખાતે 'મહિલા સુરક્ષા સપ્તાહ' ઉજવાયું



ગાંધીનગર, તા. ૧૨

સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં તા.૦૮/૦૮/૨૦૧૭ થી ૧૨/૦૮/૨૦૧૭ દરમિયાન માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં 'મહિલા સુરક્ષા સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી. જેમાં ધોરણ-૯ ની વિદ્યાર્થીનીઓ માટે સેલ્ફ ડિફેન્સ સ્કીલ માટેના તાલીમ વર્ગોનું આયોજન કરાયું. જેમાં ટાઈક વોન્ડો, બ્લેક બેલ્ટ શ્રી મહેશ નિસરત અને શ્રી નિર્મલ પરમાર દ્વારા વિદ્યાર્થીનીઓને પોતાનો સ્વ-બચાવ કેવી રીતે કરવો તેના વિશેની તાલીમ અપાઈ. વિદ્યાર્થીનીઓ સ્વ-બચાવમાં ઉપયોગી બને તેવી કલા શિખવવામાં આવી હતી.

કોઈ વ્યકિત શારિરીક કે માનસિક ત્રાસ આપે ત્યારે સ્વ-બચાવ કરવા માટે શું કરવું અને પોતાના દૈનિક જીવનમાં સાથે રખાતી વસ્તુઓનો હથિયાર તરીકે કેવી રીતે ઉપયોગ કરવો તેની પ્રાયોગિક ધોરણે તાલીમ અપાઈ હતી. આ સાથે વિદ્યાર્થીનીઓને મહિલા હેલ્પ લાઈન નંબરોથી સજાગ કરી સ્વનિર્ભર બનાવવાના ઉપાયો સૂચવાયા હતા. સમગ્ર કાર્યકર્મનું આયોજન શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક સંપન્ન થયું હતું.

# તપોવન સંશોધન કેન્દ્રમાં સ્તનપાન સપ્તાહની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૨

સમગ્ર વિશ્વમાં નવજાત શિશુના સ્વાસ્થ્યમાં પરિવર્તન લાવવા માટે સ્તનપાનને પ્રોત્સાહન આપવાના હેતુથી સમગ્ર વિશ્વમાં તા. ૧ ઑગષ્ટથી ૭ ઑગષ્ટ વિશ્વ સ્તનપાન સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે.

આ ઉજવણીના ભાગરૂપે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ચાલતા સગર્ભા બહેનો માટેના તપોવન સંશોધન કેન્દ્રમાં સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

આ સપ્તાહ દરમિયાન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ કમલામણીબેન રાવે સગર્ભા બહેનોને માતાના શરૂઆતના દૂધનું મહત્ત્વ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મહાનિયામક દિવ્યાંશુભાઈ દવેએ પ્રેમ અને ભયના હોર્મોન્સની સ્તનપાનમાં ભૂમિકા, મહિલા-બાળ વિકાસ આઈસીડીએસના સ્ટેટ કન્સલ્ટન્ટ શીલાબેન ઘોઘારીએ સ્તનપાનનું મહત્ત્વ સમજાવ્યું હતું. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના હોમ સાયન્સ વિભાગના અધ્યક્ષ પ્રતિમાબેન છનિયારાએ ધાત્રીમાતાના આહાર વિશે તથા જીએમઈઆરએસ કૉલેજના કમ્યુનિટી મૅડિસિન વિભાગના આસી. પ્રૉફેસર ડૉ. નિલેષભાઈ ઠાકરે સ્તનપાન શા માટે, તેની પદ્ધતિ, ફાયદા, કાંગારૂ મધર કૅર અંગે વિગતે સમજ આપી હતી.

## ડેઈલી કરંટ



દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં બિમસ્ટેકની મંત્રીસ્તરીય બેઠક કયા સ્થળે યોજાઈ હતી ?
(એ) ઢાકા
(બી) કાઠમંડૂ
(૩) દિલ્હી
(૪) કોલંબો

(૨) ૨૦૧૭માં બિમસ્ટેકની કેટલામી મંત્રીસ્તરીય બેઠક યોજાઈ હતી ?
(એ) ૧૨મી
(બી) ૧૩મી
(૩) ૧૪મી
(૪) ૧૫મી

(૩) પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના નવા ચેરમેનપદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) નજમ સેઠી
(બી) નજમ ખાન
(૩) જમાલ સેઠી
(૪) જમાલ ખાન

(૪) કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પ્રથમ કયા ગૃહમાં શ્રમ સંશોધન વિધેયક રજૂ કરવામાં આવ્યું હતું ?
(એ) રાજ્યસભા
(બી) લોકસભા
(૩) વિધાન પરિષદ
(૪) વિધાનસભા

(૫) ૨૦૧૭માં વેંકૈયા નાયડુએ ભારત દેશના કેટલામા ઉપરાષ્ટ્રપતિ પદે શપથ ગ્રહણ કર્યા છે ?
(એ) ૧૧મા
(બી) ૧૨મા
(૩) ૧૩મા
(૪) ૧૪મા

(૬) વેંકૈયા નાયડુએ ભારતના ઉપરાષ્ટ્રપતિ પદના શપથ કઈ ભાષામાં લીધા હતા ?
(એ) તમિલ
(બી) મલયાલમ
(૩) કન્નડ
(૪) હિન્દી

(૭) ૨૦૧૭માં ફિફા રૅન્કિંગમાં ભારતનું સ્થાન કેટલામું નોંધાયું છે ?
(એ) ૯૭
(બી) ૯૮
(૩) ૯૯
(૪) ૧૦૦

(૮) પાકિસ્તાનના નવા વડાપ્રધાન પદે તાજેતરમાં કોની વરણી કરવામાં આવી છે ?
(એ) શાહિદ ખાકાન ઓવેસી
(બી) શાહિદ ખાન બકર
(૩) શાહિદ ખાકાન અબ્બાસી
(૪) શાહિદ ખાન બરીમ

(૯) ૨૦૧૭માં દુનિયાના સૌથી ઝડપી દોડવીર યુસેન બોલ્ટને પરાજય આપી કયા ખેલાડીએ વિશ્વ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો ?
(એ) જસ્ટિન ગેટલિન
(બી) જસ્ટિન ઓલવી
(૩) જસ્ટિન સીમોલ
(૪) જસ્ટિન કાર્લોસ

(૧૦) વિશ્વ ચેમ્પિયનશીપમાં ૧૦૦ મીટર દોડમાં ગેટલીને કેટલી સેકન્ડમાં દોડ પૂર્ણ કરી ગોલ્ડ મેડલ જીત્યો હતો ?
(એ) ૯.૯૧ સૅકન્ડ
(બી) ૯.૯૨ સૅકન્ડ
(૩) ૯.૯૩ સૅકન્ડ
(૪) ૯.૯૪ સૅકન્ડ

# જે બી પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓ માટે મૅડિટેશન સૅમિનાર

ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં સમર્પણ ધ્યાન કેન્દ્ર દ્વારા મૅડિટેશન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમર્પણ ધ્યાન કેન્દ્રના તજ્જ્ઞ ડૉ. વિપુલભાઈ લેઉવા અને ટીમ દ્વારા ધ્યાનનો પરિચય, સ્થિતિ અને અસરોનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ જો દિવસમાં ૩૦ દિવસ ધ્યાન કરે તો તેમની એકાગ્રશક્તિમાં ખૂબ ફાયદો થાય છે એવી માહિતી તેમણે વિદ્યાર્થીઓને આપી હતી. ધ્યાન કરવાથી મનની શુદ્ધિ થાય છે અને દિવસ દરમિયાન કોઈપણ કાર્ય સરળતાથી અને સફળતાપૂર્વક કરી શકાય છે તથા તેનું સારું પરિણામ પ્રાપ્ત કરી શકાય છે એવી માહિતી તેમણે વિદ્યાર્થીઓને આપી હતી.

કાર્યક્રમને અંતે શાળાના આચાર્ય નીવાબેન પટેલે કેન્દ્રની ટીમ પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો અને વિદ્યાર્થીઓને ધ્યાન દ્વારા ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

# એસ. કે. પટેલ સ્કૂલ દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે.પટેલ પ્રિ-પ્રાઈમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તા.૧૨ જુલાઈના રોજ શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના વિદ્યાર્થીઓ રાધા અને કાનુડાના ડ્રેસમાં સજ્જ થઈ, શણગારેલા પારણામાં કાનુડાની મૂર્તિનું સ્થાપન કરી, બાળકોએ તેમને ઝૂલવવાનો લ્હાવો લીધો હતો. ત્યારબાદ મટકી ફોડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોએ શ્રીકૃષ્ણ ભગવાનના ગીતો ઉપર મન મૂકીને ડાન્સ કર્યો હતો અને ' નંદ ઘેર આનંદ ભયો ' ના નાદથી વાતાવરણ ગજાવી મૂક્યું હતું.

અંતમાં, સૌને મોહનથાળનો પ્રસાદ આપી, મોઢું મીઠું કરાવવામાં આવ્યું હતું. શાળા પરિવારે પણ સુંદર રંગોળી અને વિવિધ ફૂલોથી સજાવટ કરી, પ્રસંગને યાદગાર બનાવ્યો હતો.

# વી ઍમ પટેલ બાલમંદિર ખાતે જન્માષ્ટમીની ઉત્સાહી ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

શ્રી વી ઍમ પટેલ અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિરમાં જન્માષ્ટમીની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

કનૈયાની બાળલીલા, કૃષ્ણજન્મ, મથુરાની જેલ, યમુના નદી, નંદ મહોત્સવ, નાગદમન, ગોવર્ધન ઉત્સવ, હિંડોળા, મટકી ફોડ, રાસલીલા જેવા વિભાગો સર્જીને શાળાના પરિસરને ગોકુળ ગામ બનાવી દેવામાં આવ્યું હતું.

ઉત્સવને શોભા અર્પવા સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત, હૉસ્ટેલનાં સુપ્રિટેન્ડન્ટ કૌશલ્યાબેન પરીખ, વિભિન્ન ભગિની શાળાઓના આચાર્ય નિવાબેન, સુધાબેન પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમ સંયોજક કિરણબેન અને સુપરવાઈઝર મીનાક્ષીબેનના માર્ગદર્શન હેઠળ સ્ટાફની સક્રિય સહાયથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# મેડિકલમાં ઓલ ઈન્ડિયા કવોટાની ૧૦૦ ડેન્ટલની ૩૦ બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં હાલ મેડિકલ-ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. બીજીબાજુ ઓલ ઈન્ડિયા કવોટાના બીજા રાઉન્ડ બાદ મેડિકલની ૧૦૦ અને ડેન્ટલની ૩૦ જેટલી બેઠકોનો વધારો થાય તેમ છે. આ બેઠકો બીજા રાઉન્ડમાં ચોઈસ ફિલિંગમાં સામેલ કરી દેવાનું નકકી કરાયુ છે. જેના કારણે હાલમાં પ્રવેશ લઈ ચુકેલા વિદ્યાર્થીઓને આ બેઠકોનો લાભ મળશે.

રાજયમાં મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશનો પહેલો રાઉન્ડ પુરો થઈ ચુક્યો છે. ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો માટે પણ હાલમાં બીજો રાઉન્ડ ચાલુ છે. ઓલ ઈન્ડિયા કવોટામાં બીજા રાઉન્ડમાં વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે હાલમાં પરિણામ જાહેર કરી દેવાયું છે. જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે તેમને આગામી તા.૧૬મી સુધીમાં રિર્પોટિંગ કરવાની સૂચના આપવામાં આવી છે.

તા.૧૬મીએ સાંજે નોન રિર્પોટિંગ થનારી બેઠકોની વિગતો જાહેર કરવામાં આવશે. બીજીબાજુ તા.૧૪મીથી રાજયની મેડિકલ-ડેન્ટલ સહિતની બેઠકો માટે બીજો રાઉન્ડ શરૂ થવાનો છે. જેમાં વિદ્યાર્થીઓને ચોઈસ ફિલિંગ માટે તા.૧૭મી સુધીની મુદત આપવામાં આવી છે. તા. ૧૬મીએ ઓલઈન્ડિયા કવોટામા ખાલી પડનારી બેઠકો રાજયના બીજા રાઉન્ડમાં સામેલ કરી દેવામાં આવશે. જેના કારણે બીજા રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ તા.૧૭મીએ ઓલ ઈન્ડિયા કવોટાની ખાલી પડનારી બેઠકો પર પણ ચોઈસ આપી શકશે. ગુજરાતમાંથી ઓલ ઈન્ડિયા કવોટામાં કુલ ૧૬૬ બેઠકો ફાળવવામાં આ?વતી હોય છે. રાજયમાં કુલ છ સરકારી મેડિકલ કોલેજોની કુલ બેઠકોના ૧૫ ટકા લેખે બેઠકો ઓલ ઈન્ડિયામાં ફાળવવામાં આવતી હોય છે.

# જ્યારે સઘળી કેળવણી માતૃભાષામાં અપાતી થશે ત્યારે જ ભાષાની ખિલવણી થશે




## પુસ્તક પરિચય



કુંતલ નિમાવત
knn786@gmail.com

'માતૃભાષા ગુજરાતીના શિક્ષક તરીકે મારે તલવારની ધાર પર ચાલવું પડ્યું છે...'

આ શબ્દો લખાયા છે એક નવતર પુસ્તક 'મારી માતૃભાષા મારો વર્ગખંડ'માં. લેખક નટવર આહલપરાએ આ શબ્દો પુસ્તકની પ્રસ્તાવનામાં લખ્યા છે. પ્રસ્તાવનાનું શિર્ષક જ એમણે ગુજરાતીઓને ગમી જાય એવું રાખ્યું છે : 'હું નસીબદાર છું કે મારી માતૃભાષા ગુજરાતી છે.'

અહીં લખાયેલાં અન્ય વાક્યો પણ ગમી જાય એવાં છે. જેમ કે, 'હું મરીશ ત્યાં સુધી મારી માતૃભાષા ગુજરાતીને બચાવવા, તેની રક્ષા કરવાના પૂરા પ્રયત્નો કરીશ.... મૌલિક અને સર્વાંગી વિકાસ તો માતૃભાષાથી જ થાય છે...'

પ્રસ્તાવનાની પૂર્ણાહુતિએ ગુણવંત શાહનું લખાણ પણ અર્થપૂર્ણ મૂકાયું છે :

પ્રશ્ન : આખા વિશ્વમાં સૌથી વધુ અંગ્રેજી બોલાય છે, તો મારા બાળકે અંગ્રેજીમાં પ્રાથમિક શિક્ષણ લેવું જોઈએ ?

ઉત્તર : આ માન્યતા ખોટી છે. સૌથી ૯૭ કરોડ લોકો ચીની ભાષા, બીજા ક્રમે ૪૮ કરોડ અંગ્રેજી ભાષા અને ત્રીજા સ્થાને આપણી રાષ્ટ્રભાષા ૪૪ કરોડ લોકો બોલે છે.

'એક ચિંતાપ્રેરક પત્ર' શિર્ષક હેઠળ પ્રસ્તાવના પછી રણછોડભાઈ બી પંચાલનો એક પત્ર પણ મૂકવામાં આવ્યો છે, જેમાં લખાયું છે : ભાષા ને શબ્દોની શુદ્ધિનો હું દુરાગ્રહી રહ્યો છું એટલે જોડણીની ભૂલો આજે ૭૯ વર્ષે પણ ઘણી વાગે છે. જોકે હવે તો ગુજરાતી ભાષા જવા બેઠી છે... આજે શિક્ષણ ક્ષેત્રે ભાષા શિખવાડનારા શિક્ષકો ઘોર અજ્ઞાની, પગારલક્ષી અને ધકેલપંચા કરનારા છે અને ગુજરાતી પરિવારો ખુદ પોતાની ગુજરાતી ભાષા બોલતાં શરમાય છે તો સાચું તો ક્યાંથી લખવાના ? સ્વ. દિલીપ રાણપુરાએ એક વાર આ સ્થિતિને જોર પકડતી જતી જોતાં કહેલું કે આવતા સો વર્ષમાં ગુજરાતી ભાષા નાશ પામી હશે...'

પાઠ્યપુસ્તકની ગરજ સારે એવા આ પુસ્તકમાં ૫૮ પ્રકરણો છે, જેમાં લેખકના પોતાના અનુભવો ઉપરાંત અક્ષર લેખન, અરજી લેખન, સંક્ષેપ લેખન, પદ્યાર્થગ્રહણ, ગદ્યાર્થગ્રહણ, નિબંધલેખન, નિબંધના પ્રકારો, વાર્તાલેખન, પત્રલેખન, શબ્દકોશ, જોડણી, શબ્દભેદ, અલંકાર, છંદ, છંદના નિયમો, સંધિ, સમાસ, રૂઢિપ્રયોગ, વિભક્તિ, શબ્દસમૂહ, વિરુદ્ધાર્થી શબ્દો, સમાનાર્થી શબ્દો, નિપાત, વાક્યરચના, સંયોજન, સંજ્ઞા, સર્વનામ, તળપદા શબ્દો, અવ્યય, કૃદંત, લિંગ, ક્રિયા વિશેષણ, વિશેષણ, ક્રિયાપદ, ભાષાશુદ્ધિ, વિરામચિહ્નો અને મહાવરા માટે વ્યાકરણ જેવાં પ્રકરણો સમાવવામાં આવ્યાં છે.

જોડણીના નિયમો પુસ્તકમાં વર્ણવવામાં આવ્યા છે એનાથી પુસ્તકનું મૂલ્ય વધ્યું છે અને ભાષાના તાલીમાર્થીઓ માટે એ ખૂબ ઉપયોગી પણ બની ગયું છે.

મોટાભાગે દરેક વિષયના અંતે મહાવરા માટેના ગદ્ય કે વ્યાકરણ આપવામાં આવ્યાં છે એ વાત અહીં વખાણવા જેવી છે. ઉપરાંત, પુસ્તકના વિષયો તો ગુજરાતીના ચાહકો, વિદ્યાર્થીઓ, ભાવકો માટે ઉપયોગી છે જ, પરંતુ જ્યાં જ્યાં જગ્યા પડી છે ત્યાં-ત્યાં ખ્યાત હસ્તીઓની ભાષા માટેની સુંદર ઉક્તિઓ અને સંવાદો ખાસ ધ્યાન ખેંચે છે. આ સંપાદન ખૂબ સરસ થયું છે. જેમ કે,

જયારે સઘળી કેળવણી માતૃભાષામાં અપાતી થશે ત્યારે જ ભાષાની ખિલવણી થશે.

-માર્ક ટ્વેઈન

હું આજે વૈજ્ઞાનિક બની શક્યો છું કારણ કે હું મારી માતૃભાષામાં ભણ્યો છું.

- ડૉ. એપીજે અબ્દુલકલામ

'બાળક માતૃભાષામાં ભણતો હોય તો તેને શિક્ષણનો બોજો નહીં લાગે. આખી દુનિયાના નિષ્ણાત માને છે કે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઈએ.'

પુસ્તકના છેલ્લા ટાઈટલ પર 'સમણું'ના તંત્રી મોતીભાઈ પટેલના શબ્દો સૂચક છે : ટ્યુશન ક્લાસનો નકરો વિરોધ કરનારા કહેવાતા વિદ્વાનોએ આ પુસ્તક વાંચવાની તસ્દી લેવી જોઈએ. પોતાની આગવી મસ્તીથી માતૃભાષાનો સજ્જ શિક્ષક વર્ગમાં બાળકોનાં દિલને સ્પર્શે, વિદ્યાર્થીઓ એ શિક્ષકના પિરિયડની રાહ જુએ એવા માતૃભાષાના નટવરભાઈ જેવા જો સો શિક્ષકો (મરજીવા) મળી જાય તો ગુજરાતના શિક્ષણની સિકલ પલટાઈ જાય !

પુસ્તકનું નામ : મારી માતૃભાષા, મારો વર્ગખંડ
લેખક : નટવર આહલપરા
પ્રકાશક : અવનિકા પ્રકાશન, અમદાવાદ
(ફોન : ૨૫૫૦૧૦૮૬)
કિંમત : રૂા. ૧૮૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક